RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 10 * Issue No. 353 *Date: 13.10.2024,Sunday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-




# મહેસાણાની ખાનગી કંપનીમાં ભેખડ ધસી પડતા ૯ ના મોત, પીડિત પરિવારોને છ લાખની સહાયની જાહેરાત

મહેસાણાથી એક મોટી દુર્ઘટનાના સમાચાર સામે આવી રહ્યા છે. અહીં કડીના જાસલપુર ખાતે ભેખડ ધસતાં ૧૦ શ્રમિકો દટાઈ ગયા હતા, જેમાંથી નવના મૃતદેહ મળી આવ્યા છે. આ દરમિયાન એક મજૂરને જીવિત બહાર કાઢવામાં આવ્યો છે, જે હાલ સારવાર હેઠળ છે. આ ઘટનામાં રાજ્ય સરકારે મૃતકોના પરિવારને ચાર લાખ અને ઈજાગ્રસ્તોને રૂ. ૫૦ હજારની આર્થિક સહાય જાહેર કરી છે. એવી જ રીતે, કેન્દ્ર સરકારે મૃતકોના પરિવારજનોને રૂ. બે લાખ અને ઈજાગ્રસ્તોને રૂ. ૫૦ હજારની સહાયની જાહેરાત કરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર કડી તાલુકાના જાસલપુરમાં એક પ્રાઈવેટ કંપનીમાં કામ કરતી વખતે માટીની ભેખડ ધસી પડી હતી. આ દુર્ઘટનામાં ૧૦ જેટલા શ્રમિકો દટાતા અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. આ ઘટનાની જાણ થતાં એમ્બ્યુલન્સ સહિત અધિકારીઓનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો.

કડી પોલીસના જણાવ્યા અનુસાર ફેક્ટરીમાં ૨૦ ફૂટ નીચે સેફ્ટિ ટેન્ક બનાવવાની કામગીરી ચાલતી હતી. આ દરમિયાન ઈંટોની દિવાલ ધસી પડતાં મજૂરો દટાયા હતા. આ દુર્ઘટનામાં ૯ લોકોના મોત થયા છે, જ્યારે એક મજૂરને જીવતો બહાર કાઢવામાં સફળતા મળી છે.

એક શ્રમિકનું કહેવું છે કે, ‘૨૦ ફૂટ ઉંડા ખાડાને સમતળ કરવાની કામગીરી ચાલુ હતી. અને બાજુમાં જેસીબીથી કામ ચાલતુ હતું. જેના કારણે માટી ધસી પડતા લોકો દટાયા હતા. માટી ધસી પડવાની સાથે બાજુમાં રહેલી ઈંટોની દિવાલ પણ ધસી પડી હતી‘.

આ ઘટનામાં માલિકની બેદરકારી સામે આવી છે. આ કામગીરી ચાલી રહી હતી ત્યારે કામદારોએ જણાવ્યું હતું કે, ‘આ ભાગ જોખમી છે, મોટી દુર્ઘટના સર્જાઇ શકે તેમ છે. પરંતુ તેમની વાતની અવગણના કરાઈ હતી અને કામગીરી આગળ ધપાવી હતી. છેવટે નવી ફેક્ટરીની બની રહેલી દીવાલ ધસી પડી હતી.આ ઘટનામાં મેનેજર અને સુપરવાઈઝર કૌશિક પરમાર સામે કાર્યવાહી કરવામાં આવશે. નોંધનીય છે કે સેફ્ટીના સાધનો અભાવ હોવાનું પણ સામે આવ્યું છે. આ ઘટનામાં કોણ જવાબદાર છે તે અંગે તપાસ ચાલુ છે. પોલીસના મતે, માલિકો ભાગી ન જાય તેનું ધ્યાન રાખવામાં આવશે. આ દુર્ઘટના સર્જાતા દશેરાના દિવસે મહેસાણા પંથકમાં શોકનો માહોલ છવાઇ ગયો છે. મહેસાણાની દુર્ઘટનાની લઇને પીએમઓ દ્વારા ટ્વિટ કરીને લખ્યું હતું કે ગુજરાતના મહેસાણા નજીક ભેખડ ધસી પડવાની ઘટના અત્યંત દુખદ છે. જેમણે પોતાના પરિવારજનોને ગુમાવ્યા છે, તેમના મારી પ્રત્યે શોક-સંવેદનાઓ. ઈશ્વર તેમને આ દુખ સહન કરવાનું શક્તિ આપે. આ સાથે જ હું ઈજાગ્રસ્તો જલદી સ્વસ્થ્ય થાય તેવી કામના કરું છું. આ ઉપરાંત તેમણે પ્રધાનમંત્રી રાહત ફંડમાંથી મૃતકોના પરિવારજનો ને ૨ લાખની સહાય જાહેર કરી હતી. અને ઈજાગ્રસ્તોને ૫૦ હજાર રૂપિયાની સહાય આપવાની જાહેરાત કરી છે.

માહિતી અનુસાર કડીના જાસલપુરમાં આવેલી એક ખાનગી સ્ટીલ કંપનીમાં આ ઘટના બની હતી. ત્યાં કંપનીમાં બાંધકામ ચાલી રહ્યું હતું ત્યારે અચાનક જ માટીની ભેખડો ધસી હતી અને મજૂરો દટાઈ જતાં અફરાતફરી મચી ગઈ હતી. અહેવાલ અનુસાર કુલ ૧૦ જેટલા મજૂરો તેમાં દટાયા હતા.

## દિલ્હીમાં લોહીથી લથબથ હાલતમાં મળી યુવતી:આર્મી ઑફિસરને રોડના કિનારે બેભાન હાલતમાં મળતાં પોલીસને જાણ કરી




દિલ્હીના સરાય કાલે ખાન વિસ્તારમાં ગઈકાલે રાત્રે એક ગંભીર ઘટના સામે આવી છે. અહીં એક યુવતી લોહીના ખાબોચિયામાં બેભાન હાલતમાં મળી હતી. મામલાની માહિતી મળતાં જ પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી અને યુવતીને એઈમ્સ હોસ્પિટલમાં દાખલ કરી હતી.

હકીકતમાં જ્યારે એક આર્મી ઓફિસરે રાત્રે છોકરીને રસ્તાના કિનારે બેભાન જોઈ તો તેણે તરત જ પોલીસને જાણ કરી.મળતી માહિતી મુજબ, રાત્રે લગભગ ૨ વાગે વિંગ કમાન્ડર ગુરુદ્વારાથી મહારાણી બાગ તરફ જઈ રહ્યા હતા. એ દરમિયાન એક મંદિર પાસે તેમણે એક છોકરીને રસ્તાના કિનારે બેભાન અવસ્થામાં પડેલી જોઈ. યુવતીના શરીર પર ઈજાનાં નિશાન હતાં અને તે લોહીથી લથપથ હતી.પરિસ્થિતિની ગંભીરતા જોઈને આર્મી ઓફિસરે તરત જ પોલીસને જાણ કરી. મામલાની માહિતી મળતા જ પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી અને તપાસ હાથ ધરી હતી. પોલીસે યુવતીને તાત્કાલિક સારવાર માટે એઈમ્સ (ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ ઑફ મેડિકલ સાયન્સ)માં દાખલ કરી હતી.આ મામલામાં પોલીસનું કહેવું છે કે યુવતીની ઉંમર ૩૦-૩૨ વર્ષની આસપાસ છે અને હાલ તેની હાલત ખતરાની બહાર હોવાનું કહેવાય છે. જોકે હજુ સુધી તે કોઈ નિવેદન આપવાની સ્થિતિમાં નથી.આ મામલે પોલીસને આશંકા છે કે યુવતીને નશો આપીને કોઈએ તેના પર બળાત્કાર કર્યો હશે. આ ઘટના પાછળનું કારણ શું હતું અને યુવતી ત્યાં કેવી રીતે પહોંચી એ અંગે હજુ તપાસ ચાલી રહી છે. એ સમયે યુવતી સાથે અન્ય કોઈ હાજર હતું કે કેમ એની પણ તપાસ કરવામાં આવી રહી છે.

## દેશભરમાં દશેરાની ઉજવણી:દિલ્હીના લાલ કિલ્લામાં રાવણ દહન, રાષ્ટ્રપતિ મુર્મુ-ર મોદીએ રામ-લક્ષ્મણને તિલક કર્યું

દેશભરમાં આજે દશેરાની ઉજવણી કરવામાં આવી રહી છે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી દિલ્હીના લાલ કિલ્લા ખાતે રામલીલામાં પહોંચ્યા. બંનેએ સાંકેતિક તીર ચલાવીને રાવણનું દહન કર્યું.લાલ કિલ્લાના માધવદાસ પાર્કમાં આયોજિત આ રામલીલાનું આયોજન શ્રી ધાર્મિક લીલા સમિતિ દ્વારા કરવામાં આવ્યું છે. સમિતિના સભ્યોએ રાષ્ટ્રપતિ મુર્મુને ત્રિશૂળ અને પીએમ મોદીને ગદા આપી.રાજનાથે દાર્જિલિંગમાં શસ્ત્ર પૂજા કરી વિજયાદશમી પર શસ્ત્ર પૂજા કરવામાં આવે છે, તેથી રક્ષા મંત્રી રાજનાથ સિંહ સૈનિકો સાથે તહેવારની ઉજવણી કરવા પશ્ચિમ બંગાળના દાર્જિલિંગ પહોંચ્યા હતા. સુકના કેન્ટમાં રક્ષા મંત્રીએ પહેલા શસ્ત્રોનું પૂજન કર્યું હતું. બાદમાં ત્યાં હાજર સૈનિકોને તિલક લગાવ્યુ હતું .આ દરમિયાન રાજનાથ સિંહે સંબોધન કરતા કહ્યું- શસ્ત્રોની પૂજા એ હકીકતનું પ્રતિક છે કે જ્યારે જરૂર પડે ત્યારે શસ્ત્રોનો પૂરેપૂરો ઉપયોગ કરી શકાય છે.અમે પહેલા ક્યારેય કોઈ દેશ પર હુમલો કર્યો નથી. અમારે કોઈની સાથે દુશ્મની નથી. અમે યુદ્ધ ત્યારે જ લડ્યા જ્યારે કોઈપણ દેશ અમારી અખંડિતતા અને સાર્વભૌમત્વનું અપમાન કર્યું



છે. જ્યારે કોઈ દેશે ધર્મ, સત્ય અને માનવીય મૂલ્યોનું અપમાન કર્યું છે.સરહદો પર સેનાની હાજરીને કારણે કોઈ ઘટના બનવાની શક્યતા નથી. પરંતુ વર્તમાન પરિસ્થિતિમાં તેને અવગણી શકાય નહી. દુનિયામાં ગમે તે થાય, તૈયારીઓમાં કોઈ કમી ન હોવી જોઈએ.

## ટ્રમ્પ વીજળીના ભાવ ઘટાડશે, કેજરીવાલે કહ્યું- દિલ્હીનો ફ્રી ટ્રાફિક અમેરિકા પહોંચી ગયો છે

નવીદિલ્હી,

અમેરિકામાં ૫ નવેમ્બરે રાષ્ટ્રપતિની ચૂંટણી છે. આ ચૂંટણી માટે રાજકીય પક્ષો પુરી તાકાતથી તૈયારી કરી રહ્યા છે કે શું ડોનાલ્ડ ટ્રમ્પ ૨૦ જાન્યુઆરી ૨૦૨૫ના રોજ પરત ફરશે કે કમલા હેરિસ વિશ્વની સૌથી મોટી લોકશાહીની કમાન સંભાળશે. દરમિયાન, ભારતની જેમ, ત્યાં (અમેરિકા) પણ લોકોને લોકપ્રિય વચનો આપવામાં આવી રહ્યા છે. રિપબ્લિકન પાર્ટીના રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર ડોનાલ્ડ ટ્રમ્પે જાહેરાત કરી છે કે તેઓ વીજળીના ભાવમાં ઘટાડો કરશે. આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અને દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે તેમના નિવેદન પર પ્રતિક્રિયા આપી છે. તે ટ્વીટના જવાબમાં કેજરીવાલે કહ્યું કે ટ્રમ્પે વીજળીના ભાવ ૫૦ ટકા ઘટાડવાની જાહેરાત કરી છે. દિલ્હીની ફ્રી રવેડી અમેરિકા પહોંચી.

અમેરિકાના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે તાજેતરમાં જાહેરાત કરી છે કે તેઓ વીજળીના ભાવમાં ઘટાડો કરશે. તેમણે ટ્વીટ કરીને કહ્યું કે તેઓ ૧૨ મહિનામાં ઊર્જા અને વીજળીના ભાવમાં ૫૦ ટકાનો ઘટાડો કરશે. અમે અમારી પાવર ક્ષમતાને ઝડપથી બમણી કરીશું.

## સપ્તરંગ ફિલ્મ સોસાયટી દ્વારા આયોજિત પત્રકાર વાર્તામાં આજ રોજ સપ્તરંગ ફિલ્મ સોસાયટીના અધ્યક્ષ શ્રી વંદનભાઈ શાહ દ્વારા "સપ્તરંગ શોર્ટફેસ્ટ" ની ટ્રોફીનું અનાવરણ કરવામાં આવ્યું

સપ્તરંગ ફિલ્મ સોસાયટી દ્વારા આયોજિત પત્રકાર વાર્તામાં આજ રોજ સપ્તરંગ ફિલ્મ સોસાયટીના અધ્યક્ષ શ્રી વંદનભાઈ શાહ દ્વારા "સપ્તરંગ શોર્ટફેસ્ટ" ની ટ્રોફીનું અનાવરણ કરવામાં આવ્યું હતું આ અવસરે "સપ્તરંગ શોર્ટ ફેસ્ટ" વિશે માહિતી આપતા વિશ્વ સંવાદ કેન્દ્ર, ગુજરાતના ટ્રસ્ટી અને સપ્તરંગ ફિલ્મ સોસયટીના માર્ગદર્શક શ્રી વિજયભાઈ ઠાકરએ જણાવ્યું કે વિશ્વ સંવાદ કેન્દ્ર દ્વારા “સપ્તરંગ ફિલ્મ સોસાયટી”ની શરૂઆત ગુજરાતી સિનેમાનાં ઉત્કર્ષ અને તેની સાથે સંકળાયેલા કલાકારો અને કસબીઓને યોગ્ય સન્માન અને યોગ્ય મંચ મળી રહે એ માટે કરી છે. આ ફિલ્મ સોસાયટી ભારતીય ચિત્ર સાધના, દિલ્હી સાથે સંલગ્ન છે.




ગુજરાતમાં બનનારી શોર્ટ ફિલ્મો માટે "સપ્તરંગ શોર્ટ ફેસ્ટ" નું આયોજન ૧૯ અને ૨૦ ઓક્ટોબર ૨૦૨૪ ના રોજ ર્ડા. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી ખાતે તેમના સહયોગ થી કરવામાં આવ્યું છે. "સપ્તરંગ શોર્ટફેસ્ટ" માં માત્ર આપણા દેશમાંથી નહિ પરંતુ વિદેશમાંથી પણ ફિલ્મની એન્ટ્રી આવી છે. કુલ ૨૭૭ ફિલ્મ આવી છે જેમાંથી ૧૮૧ શોર્ટ ફિલ્મ, ૬૩ ડોકયુમેન્ટરી ફિલ્મ, ૨૨ કેમ્પસ ફિલ્મ અને ૧૧ એનિમેશન ફિલ્મ આપણને મળેલ છે.

કાર્યક્રમની વિગત વિજયભાઈએ કહ્યું કે "સપ્તરંગ શોર્ટફેસ્ટ" માં ૩ માસ્ટર કલાસ રાખવામાં આવ્યા છે . આ માસ્ટર કલાસમાં પ્રથમ માસ્ટર કલાસ જાણીતા ફિલ્મ પ્રોડ્યુસર ડાયરેકટર શ્રી વિપુલભાઈ શાહ અને દ્વિતીય માસ્ટર કલાસ ગુજરાતનાં જાણીતા દિગ્દર્શક શ્રી વિજયગીરી બાવા જેમણે કસુંબો ફિલ્મનું ડાયરેકશન કર્યું હતું અને અંતિમ માસ્ટર કલાસ કે જે ૨૦ તારીખે છે જાણીતા લેખક અને દિગ્દર્શક શ્રી ર્ડા. ચંદ્રપ્રકાશ દ્વિવેદી લેવાના છે. ફિલ્મ સ્ક્રિનિંગ માટે ગુજરાત નાં ત્રણ મહાન કલાકારો શ્રી જયશંકર સુંદરી, શ્રી ઉપેન્દ્ર ત્રિવેદી અને શ્રી અવિનાશ વ્યાસનાં નામ સાથે જોડી ને ત્રણ થિએટર્સ બનાવવામાં આવ્યા છે,

એવોર્ડ સમારંભ માં ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ ભવિષ્યના ફિલ્મ મેકર્સ ને પ્રોત્સાહિત કરવા માટે વિશેષ ઉપસ્થિત રહેવાના છે.

## તંત્રી સ્થાનેથી..

# ભારત બ્લુ લાઈન પર બગડતી પરિસ્થિતિથી ચિંતિત છે

મધ્ય પૂર્વ બળી રહ્યું છે. ઈરાનના હુમલા બાદ ઈઝરાયેલે વળતો પ્રહાર કરવાની યોજના બનાવી છે. આનો સીધો અર્થ એ છે કે મધ્ય પૂર્વની હવામાં વધુ ગનપાઉડર ભળી જશે. ભારત આ સ્થિતિ પર નજર રાખી રહ્યું છે. વિદેશ મંત્રાલયે શુક્રવારે એક નિવેદન બહાર પાડ્યું હતું. તેમાં કહેવામાં આવ્યું છે કે અમે સ્થિતિ પર ચાંપતી નજર રાખી રહ્યા છીએ. બ્લુ લાઈન પર બગડતી સુરક્ષા સ્થિતિ અંગે ચિંતિત. દરેક વ્યક્તિએ યુએનની અખંડિતતાનું સન્માન કરવું જોઈએ. યુએન શાંતિ રક્ષકોની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે પણ યોગ્ય પગલાં લેવા જોઈએ. 'બ્લુ લાઇન' લેબનોનને ઇઝરાયેલ અને ગોલાન હાઇટ્સથી અલગ કરે છે. આ પહેલા પીએમ મોદીએ ૧૯મી ઈસ્ટ એશિયા સમિટમાં કહ્યું હતું કે સમસ્યાઓનો ઉકેલ યુદ્ધના મેદાનથી ન આવી શકે. પીએમએ કહ્યું કે વિશ્વના ઘણા દેશોમાં ચાલી રહેલા સંઘર્ષની સૌથી વધુ નકારાત્મક અસર ગ્લોબલ સાઉથના દેશો પર પડી રહી છે. યુરેશિયા અને પશ્ચિમ એશિયામાં શક્ય તેટલી વહેલી તકે શાંતિ અને સ્થિરતા પુનઃસ્થાપિત થવી જોઈએ.

વડાપ્રધાન મોદીએ કહ્યું કે દક્ષિણ ચીન સાગરમાં શાંતિ, સુરક્ષા અને સ્થિરતા સમગ્ર હિંદ-પ્રશાંત ક્ષેત્રના હિતમાં છે. અમે માનીએ છીએ કે દરિયાઈ પ્રવૃત્તિઓ દ્વઝર્ન્જી હેઠળ હોવી જોઈએ. નેવિગેશન અને એરસ્પેસની સ્વતંત્રતા પણ મહત્વપૂર્ણ છે. આ માટે મજબૂત અને અસરકારક આચારસંહિતા બનાવવી જોઈએ. પ્રાદેશિક દેશોની વિદેશ નીતિ પર અંકુશ ન મૂકવો જોઈએ. વડાપ્રધાન મોદીએ કહ્યું કે આપણી વિચારસરણી વિકાસવાદી હોવી જોઈએ અને વિસ્તરણવાદી નહીં. હું બુદ્ધની ભૂમિમાંથી આવ્યો છું. મેં વારંવાર કહ્યું છે કે આ યુદ્ધનો યુગ નથી. યુદ્ધના મેદાનમાં સમસ્યાઓ ઉકેલી શકાતી નથી. પ્રાદેશિક અખંડિતતા અને આંતરરાષ્ટ્રીય કાયદાનું સન્માન કરવું જોઈએ. આપણે સંવાદ અને કૂટનીતિ પર ભાર મૂકવો જોઈએ. પીએમ મોદીએ કહ્યું કે ભારત વિશ્વબંધુની જવાબદારી નિભાવીને આ દિશામાં યોગદાન આપતું રહેશે. આતંકવાદ એ વિશ્વ માટે ગંભીર પડકાર છે.

# જજ સાહેબોએ કંઈ સંપતિ જાહેર કરી તે જાણવા આ લેખ વાંચો

'બે હથોડા લખો. 'જજ સાહેબે તેના પીએને કહ્યું.

'માય લોર્ડ, બે હથોડા?' પીએએ ડરતાં ડરતાં અચકાતા ધીરા અવાજે પૂછ્યું. તેના સવાલમાં ભારોભાર આજ્ઞાંકિતતા હતી. જયુડિશિયરીમાં તાબેદાર લગભગ ગુલામ હોય.

'યેસ, મેં લખાવ્યું તે લખો. ડોન્ટ એપ્લાય યોર માઇન્ડ. નહિંતર કન્ટેમ્પટ ઓફ કોર્ટ કરી દઈશ. 'જજ પાસે કન્ટેન્પટની બ્રહ્મોસ મિસાઈલ હોય. જજ સાહેબ ગમે તેના પર આ મિસાઈલ ઝીંક્યા કરે. એક વાર રોટલી બળી ગઈ તો જજસાહેબે ઘરવાળી પર કન્ટેમ્પટ ઓફ કોર્ટ લગાવી દીધી. જો કે, સાંજે કન્ટેમ્પટ ઓફ કોર્ટ રદ કરવી પડી તે વાત અલગ છે.

' બે હથોડા. માય લોર્ડ હથોડા કંઈ ધાતુના લખું? મેઈક ઈન ઈન્ડિયા કે મેઈડ બાય ચાઈના લખું.' પીએએ હકીકતલક્ષી એટલે કે ફેકચ્યુઅલ સવાલ પૂછ્યા.

'બે હથોડા મેઈડ ફ્રોમ ટીકવુડ.હથોડા દસ વરસ પહેલાં ખરીદ કરેલ . ઘસારો બાદ કર્યા પછીની કિંમત ઝીરો છે.' સિવિલ જજ ન્યાયરાયજીએ તેના પીએને મિલકત જાહેર કરવા માટેની યાદી લખાવી.

જજ સાહેબે કટાણા મોઢે મિલકત જાહેર કરી. આવકના જાણીતા સ્ત્રોત સામે અપ્રમાણિક મિલકતોના કેસોનાં સરકારી અધિકારીને પાણીથી પાતળા કરતા જજ સાહેબના પગ તળે મિલકત જાહેર કરવાની નોબત આવી એટલે જોરકા ઝટકા ધીરેસે નહીં પણ ફાસ્ટ લાગે કે નહીં? કાજી કયું દુબલે? તેના જવાબમાં સારે ગાંવકી ફિકર એમ કહેવાય છે. કોર્ટો સરકારી અધિકારી-કર્મચારીને દર વરસે સ્થાવર અને જંગમ મિલકત જાહેર કરવા આદેશ આપે છે. ચૂંટણી લડતા ઉમેદવારોને મિલકત , દેવા, નોંધાયેલ ગુનાની માહિતી આપવા આદેશ કરે છે. ચૂંટણીમાં ઊભા રહેતા સાંસદો કે ધારાસભ્યોની મિલકતો જાણવાનો જાહેર જનતાને અધિકાર છે. એવું હોય તો જજોએ પણ મિલકત અને દેવું જાહેર કરવું જોઈએ કે નહીં? ગુરૂ ગોળ ખાય અને ચેલાને ગોળ ન ખાવાની સલાહ આપે એ પોથીમાંના રીંગણા બની રહે.જયુડિશિયરીને જવાબદેહી અને પારદર્શક કરવા માટે તમામ જજોને તેમની સ્થાવર મિલકતો જાહેર કરવા મોટી અદાલતે સૂચના આપી.

'પાંચ કાળા કોટ, સાત સફેદ શર્ટ, દસ લાંબા કાળા ગાઉન, ચાર ટાઈ અને સાત ટાઈ નોટ.' સિવિલ જજ વિલંબરાયે તેની જંગમ મિલકત જાહેર કરી. મિલકતના પત્રક સાથે ખરીદીના બિલો પણ એટેક કરવા પીએને વિલંબરાયે સૂચના આપી.

' ઈનિડિયન પિનલ કોડના ત્રણ વોલ્યુમ, ક્રિમિનલ પ્રોસિજર કોડના બે વોલ્યુમ,સુપ્રિમ કોર્ટ રીપોર્ટસનો એક સેટ, જમીન સંપાદન ધારાની કિતાબ એ બધુ મળીને દોઢસો ચોપડી લખો. મૂલ્યમાં પસ્તીમૂલ્ય લખવાનું ભૂલતો નહી.' હાઈકોર્ટના જજ ઝટપટચંદ્રે તેની મિલકત જાહેર કરવાની યાદી પીએને ટાઈપ કરાવી.

' બે ગાય, એક ભેંસ અને ત્રણ બકરી ' એક જજ સાહેબે તેની જંગમ મિલકત જાહેર કરી.એ જજ સાહેબ પશુપાલનનો ગાંડો શોખ ધરાવતા હશે, બીજું શું?

એક જજ સાહેબે ધકા બેંકના ત્રણ ખાતા, ટાઈટેનિક બેંકની જેમ ડૂબી ગયેલ કંપનીના અઢીસો શેર, ફડચાબેકમાં કરાવેલ ફિકસ ડિપોઝીટ મિલકત તરીકે જાહેર કરી.

એક જજ સાહેબે ટાંકણીનું પેકેટ, લાલ ટેગ, યલો પોસ્ટ ચિટ, સ્પાઈરલ બુક , સેલો ટેપ, ગમ સ્ટિકની સંપતિ જાહેર કરી.

એક જજ સાહેબે સંપતિમાં પત્ની બે બાળકો જાહેર કર્યા.

'બે સ્પ્રે બોટલ, ત્રણ લિપસ્ટિક , આઈ લાઈનર, કાજલ, ટેલ્કમ પાવડર, ટિસ્યુઝ, વગેરે એક મહિલા જજે સૌંદર્ય સંપતિ જાહેર કરી. ચેરિટી બિગિન્સ એટ હોમ એવું અંગ્રેજી ભાષામાં કહેવાય છે. ભૂવો ધૂણે તો ઘર ભણી( ઓફ કોર્સ તેના ઘર ભણી) નારિયેળ ફેંકે છે તેમ કહેવાય છે. નદીનું મૂળ, ઋષિનું કુળ , સ્ત્રીની ઉંમર, પુરૂષનો પગાર ન પૂછાય એમ કહેવામાં આવે છે. એમાં નેક નામદાર જજસાહેબનું નામ પણ ઉમેરી દેવાની જરૂરત પડી છે.

સુપ્રિમ કોર્ટના ૩૩ પૈકી ૨૭ જજોએ મિલકતની માહિતી મુખ્ય ન્યાયમૂર્તિને રજૂ કરી છે. પરંતુ, આ માહિતી સામાન્ય નાગરિકોને પબ્લિક ડોમેઈન પર ઉપલબ્ધ કરાવાઈ નથી. દેશની ૨૫ હાઈકોર્ટના ૭૪૯ જજ સાહેબોમાંથી ૧૩% ટકા એટલે કે ૯૮ જજોએ સંપત્તિનું વિવરણ પૂરું પાડી છે. બાકીના બધા જજસાહેબ ચાંચુડી ઘડાવું છું અને કાલ માહિતી આલું છું જેવો અભિગમ અપનાવ્યો છે.

સંપતિકા બ્યૌરા દેને કે મામલે મેં હિન્દી ફિલ્મ હમ કિસીસે કમ નહીં ની કવ્વાલી ' પરદા હૈ પરદા. પરદાનશીન કે બેપરદા ન કર દૂ તો ચીફ જસ્ટિસ મેરા નામ નહીં! જેવો તાલ છે! બધા જજ સાહેબો સંપતિ જાહેર કરવાના મામલે પર્દેને રહેને દો, પ્રર્દા જો ઉઠ ગયા તો ભેદ ખુલ રહે જાયેંગા ગીત કોરસમાં ગાઈ રહ્યા છે. બાકી હમામ તો સબપપપપ!

ભરત વૈષ્ણવ

# પૂળો મૂક્યો -આશા વીરેંદ્ર




'મિસિસ સુહાસિની પંડ્યા'. સ્ટેજ પર મૂકેલી એનાં નામની તકતીની પાછળની ખુરશી પર બેસીને એ પ્રેક્ષાગાર તરફ નજર નાખી રહી. આટલા લોકો હાજર હોવા છતાં એની નજર એ વ્યક્તિને શોધી રહી હતી જે આજે હયાત જ નથી. કદાચ હોત તો પણ સૌરભ આ સન્માન સમારંભમાં આવત? આમ તો એણે નક્કી કર્યું હતું કે, આ આનંદના અવસરે જીવને દુઃખી કરે એવી વાતો યાદ કરીને મૂડ બગાડવો નથી પણ અવળચંડુ મન ક્યાં વશમાં રહે એમ હતું ?

જોકે, સગાઈ થયા પછી મંજુમાસીએ એને એકાંતમાં ચેતવી હતી,

''છોકરાવાળાંના પાડોશમાં રહેતી મારી બહેનપણી રુપાએ મને કહ્યું કે, ' છોકરાની મા બહુ માથાભારે છે. દીકરો એ પીવડાવે એટલું જ પાણી પીએ છે. એટલે જોઈ-વિચારીને આમાં પડજો. પછી પસ્તાવાનો વારો ન આવે !' બેટા, હજી પણ સમય છે. તું કહે તો હું જીજાજીને વાત કરું.''

''અરે માસી, શા માટે આટલી ચિંતા કરો છો? બોલવાવાળાં તો બોલ્યાં કરે ! ને કદાચ આ વાત સાચી પણ હોય તોયે હું પરિસ્થિતિને પહોંચી વળીશ.''

પરણીને શ્વસુરગૃહે આવી ત્યારે આંખોમાં કેટકેટલાં સોણલાં આંજીને આવી હતી! પણ લગ્નની પહેલી જ રાતે એને અંદાજ આવ્યો કે પેલી વાત સાવ તથ્ય વિનાની નહોતી. મધુરજનીની કલ્પનાઓ તો ત્યારે જ કકડભૂસ થઈ ગઈ જ્યારે ઘરચોળું કાઢીને નાઈટી પહેરી પતિની નજીક આવવાનો પ્રયત્ન કરતી સુહાસિનીને સૌરભના કડક અવાજે અટકાવી દીધેલી,

''આપણો સંસાર શરૂ કરતા પહેલાં મારે એક વાતની ચોખવટ કરવી છે.''

એ સ્તબ્ધ થઈ ગયેલી. લગ્નની પ્રથમ રાત્રિએ ચોખવટ ? પતિના બોલવાની રાહ જોઈને એ ચૂપચાપ બેસી રહી હતી.

''મારો જન્મ પણ નહોતો થયો ત્યારે મારા પપ્પાનું અકસ્માતમાં અવસાન થયેલું. મમ્મીને સાસરીમાં કે પિયરમાં કોઈ આધાર નહોતો. મારે ખાતર ઝઝૂમી ઝઝૂમીને એણે મને આજે અહીં સુધી પહોંચાડ્યો છે. સાચું કહું તો મેં એને ખાતર જ લગ્ન કર્યા છે. એનાં મન પર નાનો એવો ઘસરકો પણ ન પડે એનું હંમેશા ધ્યાન રાખવું પડશે કેમકે, મારે માટે તો મારી મમ્મી જ મારી દુનિયા છે.''

એના હોઠ જરાક ફફડ્યા કે, તો પછી મારું સ્થાન ક્યાં છે? પણ તરત એણે હોઠ સીવી લીધા. તે દિવસથી એણે સમજી લીધું હતું કે, આ મા-દીકરાની દુનિયામાં હું એક આગંતુક છું. તેમ છતાં બંનેને પોતાના કરી લેવા એણે નિષ્ઠાપૂર્વકના પ્રયત્નો આદર્યા હતા.

'' મમ્મી, તમે રહેવા દો, શાક હું બનાવી કાઢીશ.''

''ના રે, સૌરભ જોતાવેંત સમજી જશે કે, આવું તેલ- મરચાંથી ભરપૂર શાક એની માનું બનાવેલું ન હોય. ખસ, શાક હું વઘારું છું.''

''મારે ઑફિસ બેગ, શર્ટ-પેન્ટ વગેરે લેવાનું છે...'' સુહાસિનીએ આશાભરી મીટ માંડી કે, હમણાં કહેશે કે, ''ચાલ મારી સાથે.'' પણ ત્યાં તો તૈયાર થઈને આવેલાં સાસુમાએ ઓર્ડર છોડ્યો,

''અમે ખરીદી કરવાં જઈએ ત્યારે તારું થોથું લઈને બેસી નહીં જતી. પરણ્યાને બે વરસ થયાં. હવે ઘરનાં કામકાજમાં જરા ધ્યાન આપો ! હું ક્યાં સુધી વૈતરાં કર્યા કરીશ?''

રિયાના જન્મ પછી પરિસ્થિતિ બદલાશે એવી સુહાસિનીની આશા ઠગારી નીવડી, તે છતાં જે છે તે આ જ છે એવું એણે સ્વીકારી લીધું હતું, પણ હા, પેલો સાહિત્ય રસિયો જીવ એનો પીછો નહોતો છોડતો. હાથમાં મનગમતા કવિનું પુસ્તક આવે તો ગમેતેમ કરીને એ પૂરું કર્યે છૂટકો કરતી. ધીમેધીમે કરતા એને લાગવા માંડ્યું હતું કે, હુંય લખી તો શકું. મારે કોશિશ કરવી જોઈએ. અને એમ ચોરીછૂપીથી લખતાં લખતાં એની કોરી ડાયરીનાં પાનાંઓ ગીત, ગઝલ અને કવિતાઓથી શણગારાવાં માંડ્યાં. એ જોઈ જોઈને હરખાતી, 'ભલે ને ક્યાંય ન છપાય, પણ મને કંઈ સર્જન કર્યાનો આનંદ તો મળે છે !

પણ એ આનંદ લાંબું ન ટક્યો. વાંચવામાં મશગૂલ સુહાસિનીની ઘ્રાણેંદ્રિય સુધી જે શાક બળવાની વાસ નહોતી પહોંચી એ સાસુમાનાં સંવેદનશીલ નાક સુધી પહોંચી ગઈ, તે દિવસે એક અગત્યનો નિર્ણય લેવાઈ ગયો- હવે પછી આવા ઉધામા આ ઘરમાં ન જોઈએ. પતિએ તો ત્યાં સુધી કહી દીધું-'' ઘર સાચવવાની ત્રેવડ ન હોય તો પૂળો મૂક આ તારી ડાયરીઓમાં. લખ લખ કરવાથી કંઈ માન-ચાંદ નથી મળી જવાના !''

આવેશમાં આવીને એણે બધી ડાયરીઓ ભેગી કરીને એમાં પૂળો મૂકી દીધેલો. ભડ ભડ બળતી જ્વાળાઓ સામે જોઈ રહેલી સુહાસિનીમાં એ વખતે અચાનક જ એક ચિનગારી પ્રગટી. એણે નિર્ણય કરી લીધો- ''કદાચ જે સત્વહીન હશે એ આ અગ્નિમાં ભલે સ્વાહા થઈ ગયું. હવે મારી અંદર રહેલી સર્જનાત્મકતાને હું બહાર લાવીશ.''

સાસુના ગયા પછી સૌરભ વધુ ને વધુ કોચલામાં પૂરાતો ગયો. સુહાસિની કે રિયા સાથે તો આમ પણ એનો જાણે ઉપરછલ્લો જ સંબંધ હતો. મનની લાગણીઓને દબાવી દબાવીને જીવી રહેલા સૌરભને પેરેલિસિસનો એટેક આવ્યો ત્યારથી વાચા જતી રહેલી. રાત-દિવસ જોયા વિના એની સેવા પાછળ મચી પડેલી સુહાસિનીને એણે ઈશારાથી તકિયા નીચે રાખેલું કવર જોવા કહ્યું જેમાં એક બ્લેંક ચેકની સાથે મૂકેલા પત્રમાં આજ સુધી કરેલી ભૂલો માટે માફી યાચના કરીને આ ચેક એનાં પુસ્તકનાં પ્રકાશન માટે વાપરવાની વિનંતી કરી હતી.

આજે મળી રહેલા 'સાહિત્ય ગૌરવ' પુરસ્કારનાં મૂળમાં પેલો ચેક અને પત્ર છે એ હકીકતથી એની આંખો ભીંજાઈ. પોતાનાં વક્તવ્યમાં એણે કહ્યું,

'આજે તમે સૌએ મને આ સન્માનને લાયક ગણી છે એની પાછળ મારાં દિવંગત સાસુજી અને મારા પતિનો બહુમૂલ્ય ફાળો રહેલો છે. આ તકે હું એમનો ઋણસ્વીકાર કરું છું.'

આશા વીરેંદ્ર ,વલસાડ

## 'વિશ્વ દીકરી દિન' નિમિત્તે કવિતા

કાશ મારે દીકરી હોત !
જાત ના આટલી બેફિકરી હોત,
પરાણે વ્હાલી લાગતી લાડકડી હોત.

મારી પીડા ને મારતી મારકણી હોત,
કાશ મારે ઢીંગલી હોત !

મોજ ને ફક્ત મોજ નકરી હોત,
જો મારે ય પરી હોત.

ઉનાળે બરફની પાટ,
શિયાળે હૂંફાળી સગડી હોત.

રાવણના હાથે સીતાની રાખડી હોત,
કાશ રાવણને ય દીકરી હોત !

ગોપીઓ ને કાન્હો ના છોડી ગયો હોત,
જો કાન્હાનેય દીકરી હોત !

જાત ના આટલી અહમે વકરી હોત,
સિંહ સમો હું માંડવે બકરી હોત.



જમાઈની પાદુકા પ્રેમે પકડી હોત,
કરુણમંગલા વિદાયની ઘડીઓ હોત.

હું ય સૌથી મોટો દાનેશ્વરી હોત,
કન્યાદાન ની તક મળી હોત !

જાન સાથે જાન નીકળી હોત.
હું વાંઝિયો, પુરીશ વહુમાં આ ખોટ.

'પુત્ર થી વધૂ' માં જ મળશે દીકરીની શોધ.
- મિત્તલ ખેતાણી (મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)

# ચૂંટણી બાદ જમ્મુ-કાશમીર સામે મોટું સંકટ, ૧૫૦ આતંકી ઘૂસણખોરીની ફિરાકમાં



પાકિસ્તાન ફરી કારગિલમાં ઘૂસણખોરી કરી હતી તેવી જ ઘૂસણખોરી કરવાની ફિરાકમાં હોવાના સંકેતો મળી રહ્યા છે. બોર્ડર સિક્યોરિટી ફોર્સ (બીએસએફ)એ એલઓસી પાર પાકિસ્તાન તરફ ૧૫૦ આતંકવાદીઓ ભારતમાં ઘૂસવાની ફિરાકમાં હોવાની ચેતવણી આપી છે. શિયાળાનો સમય શરૂ થવા જઈ રહ્યો છે. આ સમયગાળામાં જમ્મુ કાશ્મીરમાં હિમવર્ષા થતી હોય છે તે પહેલા જ પાકિસ્તાન મોટા પ્રમાણમાં આતંકીઓ ઘૂસાડવાની તૈયારીમાં હોવાના અહેવાલો સૈન્યને મળ્યા છે. ભારતના વિદેશ મંત્રી એસ. જયશંકર શાંઘાઈ સહયોગ સંગઠનના સમ્મેલનમાં ભાગ લેવા માટે પાકિસ્તાન જવાના છે. એવા સમયે આ અહેવાલો સામે આવ્યા છે. ૧૯૯૯માં તત્કાલીન વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીએ શાંતિનો સંદેશો લઈને લાહોર સુધી બસ યાત્રા કરી હતી. જે બાદ પાકિસ્તાને કારગિલ યુદ્ધ છેડી દીધુ હતું. એવામાં હાલ જ્યારે ભારતના વિદેશ પ્રધાન પાકિસ્તાન જઈ રહ્યા છે ત્યારે સમગ્ર એલઓસી પાસે ૧૫૦થી વધુ આતંકીઓ સક્રિય હોવાની માહિતી સૈન્યને મળી છે. તેથી શું પાકિસ્તાન ફરી કારગિલ યુદ્ધની તૈયારી કરી રહ્યું છે તેવા સવાલો હાલ ચર્ચામાં આવ્યા છે. શ્રીનગરમાં પત્રકારોની સાથે વાતચીત દરમિયાન બીએસએફના ઈન્સ્પેક્ટર જનરલ (કાશ્મીર ફ્રન્ટ) અશોક યાદવે કહ્યું હતું કે એલઓસી પાર કેટલા આતંકીઓ છે તેની અમારી પાસે માહિતી છે, આ માહિતીના આધારે જ કોઈ પણ પ્રકારની ઘૂસણખોરીને નિષ્ફળ બનાવવામાં અમને સફળતા મળે છે. પાકિસ્તાન તરફથી કોઈ પણ પ્રકારની ઘૂસણખોરીનો પ્રયાસ થશે તો આકરો જવાબ આપવામાં આવશે. સામાન્ય રીતે એલઓસી પાસે ૧૩૦થી ૧૫૦ જેટલા આતંકીઓ હોવાની માહિતી મળી છે પરંતુ તેનાથી વધારે પણ હોઈ શકે છે. આ સાથે જ તેમણે નાર્કોટેરેરિઝમ અંગે પણ માહિતી આપી હતી, તેમણે જણાવ્યું હતું કે સમગ્ર એલઓસી પાસે પાકિસ્તાન તરફથી ડ્રગ્સ ઘૂસાડવાના પ્રયાસો થઈ રહ્યા છે. આ ડ્રગ્સના બદલામાં જે નાણા મળે છે તેનો ઉપયોગ આતંકવાદમાં થાય છે.એવા પણ અહેવાલો છે કે જમ્મુ કાશ્મીરમાં તાજેતરમાં શાંતિપૂર્ણ રીતે ચૂંટણી યોજવામાં આવી હતી જેને કારણે પાકિસ્તાનના પેટમાં તેલ રેડાયું છે અને આ શાંતિને ડોળવા માટે આતંકીઓને ઘૂસાડવા માગે છે. બીએસએફના આઈજીએ કહ્યું હતું કે સરહદ પાસેના કેટલાક ગામડાઓ સંવેદનશિલ છે. ખાસ કરીનેતંગધાર અનેકેરણસેક્ટરમાં સ્થિતિ ચિંતાજનક હોઈ શકેછે. આ વિસ્તારમાં અમે મોબાઈલ બન્કર તૈનાત કર્યા છે. એટલુ જ નહી આ વિસ્તારમાં મહિલા જવાનોને પણ તૈનાત કરવામાં આવી છે કેમ કે અમને એવી માહિતી મળી છે




ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ

# વિષય : દશેરા, રાવણ દહન, શસ્ત્ર પુજા

શીર્ષક : દશેરા નો દીવડો
પ્રકાર: પદ્ય. શબ્દો: ૮૦

દશેરાનો દીવડો પ્રગટાવી ધર્મ કર્મ સત્ય નીતિ પર કરજો મનોમન મનન,
પછી જ કાગળ કપડાં ફટાકડાનાં દશમુખી દુષ્કર્મી રાવણનો કરજો દહન,
રાવણનાં દુષ્કર્મોને ત્યાગી બનશો વિભીષણ તો જીવનમાં થશે રામનું આગમન,
હનુમાન લક્ષ્મણ શબરીની જેમ સેવા સમર્પણ ભક્તિ થકી બનશે જીવન બાગબાન,
જીવનનાં પાપ દુષ્કર્મથી મનમાં પ્રજ્જવલિત અગ્નિનું થશે નહીં કદી શમન,
બાળક સ્ત્રી નિર્દોષ ઈન્સાન પર કરશો નહીં અત્યાચાર દુષ્કૃત્ય સાથે દમન,
કુદરતની કર્મની કિતાબનાં આખરી હિસાબ પરથી થશે સ્વર્ગ કે નરક ગમન,
ગ્રહણનાં અંધકારને દૂર કરી " ચંદ્ર " સૂર્ય કરે ઉજ્જવળ પ્રકાશનું વહન.

" ચંદ્ર " ચંદ્રકાન્ત હરીલાલ માઢક (નીવૃત પોલીસ સબ ઈન્સ.) રાજકોટ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO. 215**
વિષય : '' દશેરા, રાવણ દહન, શસ્ત્ર પૂજા "શીર્ષક : " દહન કરો દશેરાએ "
પ્રકાર : પદ્ય, શબ્દો : ૬૬.

ભીતર રહેતા રાવણનું, દહન કરો દશેરાએ,
મોહમાયાનાં કારણનું, દહન કરો દશેરાએ.

અનિષ્ટોને હરાવી સુખાકારી માટે કરો પ્રયાસ,
નકારાત્મકતાનાં ગ્રહણનું, દહન કરો દશેરાએ.

સ્તુતિ કરો મા ભવાનીની નવે નવ નવરાત્રી,
ખરાબ થતાં વિચારણનું, દહન કરો દશેરાએ.

વ્હાલ વરસાવો, પ્રેમથી ભેટો દીન દુ:ખીયાને,
લાગણીહીન સૂકાં રણનું, દહન કરો દશેરાએ.

શસ્ત્ર પૂજા કરો 'શ્યામ' રક્ષણ કરવા ધર્મની,
દુષ્ટ જન્મતાં ભારણનું, દહન કરો દશેરાએ.

શ્યામ ગોયાણી 'શ્યામ' શિવેન્દ્રનગર

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO: 202**
વિષય: દશેરા, રાવણ દહન, શસ્ત્રપૂજા
શીર્ષક: "આવે નવરાત્રી"
પ્રકાર: પદ્ય શબ્દ: ૭૦

"આવે નવરાત્રી"

આવે નવરાત્રી ઠેર-ઠેર ઉજવણી થાય,
'મા'નાં નવલાં નોરતાં ભેગાં થઈ ગવાય.

માંડવડી અને ચાંચરચોકને સજાવાય,
માઈ ભક્તો સાથે મળી 'મા'નાં ગુણ ગાય.

શેરીઓ અને ફળીએ દિવડાઓની ગરબી મૂકી,
નવ દિવસ ખેલૈયા માતાજીના ગરબા ગાય.

કરાતી માતાની આરતી અને પૂજા-અર્ચના,
ગવાતાં માતાના પારંપરિક ગરબા ને રમે રાસ.

નવ દિવસ ખેલે ખેલૈયા મોડે સુધી રસ-ગરબા,
દશેરાએ લિજ્જત માણે ફાફડા-જલેબીની.

સત્યની અસત્ય પર વિજયના પ્રતિકરૂપે,
ઠેર-ઠેર રાવણદહન અને શસ્ત્રપૂજન થાય.

ચિરાગ.એચ.શર્મા(ચિરંજીવ).

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO: 345**
વિષય : "દશેરા, રાવણ દહન, શસ્ત્રપૂજા"
પ્રકાર : પદ્ય શબ્દો -૧૨૦
શીર્ષક : સત્યનો વિજય
શબ્દો :૧૨૦

ગણપતિ, સરસ્વતી, મા લક્ષ્મી લાગું પાય,
મનહ્રદય પર બિરાજી માત તારી કૃપા અપાર.

શ્રીરામ હણે લંકારાવણ વિજયાદશમી કહેવાય,
મા દુર્ગા હણે મહિષાસુર અસુર દશેરા ઉજવાય.

અધર્મ મિટાવી ધર્મ સુવાસ રેલાવી પ્રકાશ ફેલાય,
અસત્ય સામે સત્યનો વિજય પ્રભુઅવતાર થાય.

લાખોના પાલન તારણહાર પાપ લીલા સંકેલાય, આજ કરે સૌ રાવણદહન પૂતળું સળગાવાય.

બળી જાય પૂતળું રાખ રોળાય,ચીચીયારી થાય,
કામક્રોધ,લોભ,લાલચ,કપટ,અસત્ય રહી જાય.

દશેરા શસ્ત્રપૂજા ક્ષત્રિયમાં હોય છે ખાસ, અસત્ય પર સત્યનો વિજય હથિયાર પૂજાય.

નવરાત્રિ નવદુર્ગા મહિમા ક્યાં એમ જ ગવાય?
નારાયણી શસ્ત્ર લીધું હાથ, દુષ્ટ રાક્ષસ હણાય.

વારી ગઈ લાગણી હેતથી મસ્તક નમી જાય,
દેર હોય પણ અંધેર નહિં, સત્યનો વિજય થાય.

**Hansa zala** "લાગણી"સુરત

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No. 372**
વિષય : દશેરા,રાવણ દહન, શસ્ત્ર પૂજા
શીર્ષક : દશેરા
શબ્દો :. ૨૯૨ ગદ્ય

કાલિકા પુરાણ પ્રમાણે રાવણ અશ્વિન માસના શુક્લ પક્ષની નવમીએ પ્રભુ શ્રીરામના હસ્તે હણાયો હતો આથી તેના બીજા દિવસે વિજય ઉત્સવ ઉજવાય છે જે દશેરા કે વિજયાદશમી તરીકે ઓળખાય છે.

બ્રહ્મપુરાણ અનુસાર દશેરો એટલે દસ પાપોનો નાશ. દેવીપુરાણ અનુસાર દશમે પ્રભુ રામે દેવીનું નવરાત્રી વ્રત પૂર્ણ કરી વિજયના આશીર્વાદ પ્રાપ્ત કરી કિષ્કિંધાથી લંકા તરફ કૂચ કરી હતી આથી આ દશમ વિજયાદશમી તરીકે ઓળખાઈ. વિજયાદશમીએ શસ્ત્ર પૂજાની પરંપરાનું પણ આ જ કારણ હોઈ શકે.

આસો સુદ એકમથી દશમ સુધી મા જગદંબા સ્વરૂપ દેવી શક્તિ અને મહિષાસુર રાક્ષસ વચ્ચે ભયંકર યુદ્ધ છેડાયું હતું અને અંતે દશમના દિવસે મહિષાસુર રાક્ષસ મરાયો હતો આમ વિજયના પ્રતીક સમી દશમ એટલે વિજયાદશમી. બંગાળ જેવા પ્રદેશોમાં નવરાત્રી દરમ્યાન મા દુર્ગાની સ્થાપના, અર્ચના અને એની પૂર્ણતાના રૂપમાં દુર્ગા વિસર્જનની પરંપરા દશેરાના દિવસે છે.

પાંડવોનો અજ્ઞાતવાસ પણ દશેરાના દિવસે જ પૂરો થયો હતો અને અર્જુને બહનલ્લાના વેશે શમી વૃક્ષ ઉપરથી શસ્ત્રો મેળવ્યા હતા આથી પણ ક્ષત્રિયોમાં શસ્ત્ર પૂજા કરવાનું આ દિવસે મહત્વ છે. મહારાષ્ટ્ર સહિત દેશના અનેક હિસ્સાઓમાં સિમોલ્લંઘનની પણ પરંપરા દશેરાના દિવસે છે.

અર્વાચીન યુગમાં શસ્ત્ર પૂજનની સાથે વાહનો અને યંત્રોની પણ પૂજા કરાય છે. દશેરાનો દિવસ વિજય મુહૂર્ત મનાતો હોઈ નવિન ધંધાના ઉદ્ઘાટન, નવિન વાહનની ખરીદી તથા અન્ય શુભ કાર્યો માટે પણ શ્રેષ્ઠ મનાય છે.

ગુજરાત સહિતના અનેક પ્રદેશોમાં મર્યાદા પુરુષોત્તમ પ્રભુ રામના અસુરી શકિત ધરાવતા રાવણ સામેના વિજયને વધાવવા મીઠાઈઓ ખવાય છે અને અભિમાનથી ભરેલી આસુરી શકિત સ્વરૂપ રાવણના પૂતળાનું દહન કરવામાં આવે છે. હકીકતમાં તો આપણામાં રહેલા કામ, ક્રોધ, મોહ, માન, માયા, દ્વેષ અને મિથ્યાભિમાન જેવા દોષોને બાળવાના છે. ક્યારેક આજના યુગના આધુનિક માનવમાં એ યુગના રાવણ કરતાં પણ વધુ દુર્ગુણો હોઈ શકે, જેની ચાળી રોજબરોજ બનતી ઘટનાઓ ખાઈ રહી છે.

રાવણનું બળવા સજ્જ થયેલું પૂતળું શું ક્યારેક ગણગણતું નહીં હોય? "યાર હમારી બાત સુનો, ઐસા એક ઈન્સાન ચુનો, જિસને પાપ ના કિયા હો, વો પાપી ના હો..."
સંજય બી. મહેતા.

# વિકાસ સપ્તાહ: ૨૩ વર્ષ પહેલા ગુજરાતમાં યુનિવર્સિટીઓની સંખ્યા ૨૧માંથી આજે વધીને ૧૦૮ થઈ, જેણે રાજ્યમાં ઉચ્ચ શિક્ષણને વેગ આપ્યો

★ગાંધીનગર, ૧૨ ઓક્ટોબર, ૨૦૨૪:★ ૨૩ વર્ષ પહેલા શ્રી નરેન્દ્ર મોદીએ જ્યારે ગુજરાતના ૧૪મા મુખ્યમંત્રી તરીકે શપથ લીધા, ત્યારે ગુજરાતમાં શિક્ષણનું સ્તર ઘણું નીચું હતું. તે જ સમયે મોદીજીએ સંકલ્પ કર્યો હતો કે તેઓ ગુજરાતમાં શિક્ષણ ક્ષેત્રની પરિસ્થિતિમાં સુધાર લાવવાના તમામ પ્રયાસો કરશે અને રાજ્યના છેવાડાના વર્ગ સુધી શિક્ષણ સરળ અને સુલભ બનાવશે. આ સંકલ્પને સાકાર કરવા માટે તેઓએ મક્કમતાપૂર્વક શિક્ષણ ક્ષેત્રે અનેક પહેલો અને યોજનાઓ હાથ ધરી અને રાજ્યમાં શિક્ષણનો વ્યાપ વધારવા માટેના ભગીરથ પ્રયાસો શરૂ કર્યા. રાજ્યમાં પ્રાથમિક શિક્ષણને વેગ આપવા અને શાળાઓમાં વિદ્યાર્થીઓનું નામાંકન વધે તેવા ઉદ્દેશથી તત્કાલીન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીએ વર્ષ ૨૦૦૩માં શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી રથયાત્રા કાર્યક્રમો શરૂ કર્યા. તાજેતરમાં જ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ ૨૧મો શાળા પ્રવેશોત્સવ આયોજિત થયો.



૨૩ વર્ષ પહેલા શિક્ષણ ક્ષેત્રે નરેન્દ્રભાઈએ કરેલી તપસ્યાના સકારાત્મક પરિણામો આજે આપણે જોઇ શકીએ છીએ. આજે શ્રી નરેન્દ્ર મોદીના પ્રયાસો થકી ગુજરાતમાં જ ઉચ્ચ અને ટેક્નિકલ શિક્ષણ આપતી કોલેજો અને યુનિવર્સિટીઓ સ્થાપિત કરવામાં આવી છે. ૨૩ વર્ષ પહેલા ફક્ત ૨૧ યુનિવર્સિટીઓ હતી, જ્યારે આજે રાજ્યમાં ૧૦૮ યુનિવર્સિટીઓ કાર્યરત છે, જે વિદ્યાર્થીઓને ઘરઆંગણે જ ઉચ્ચ શિક્ષણની તકો પૂરી પાડી રહી છે. ગુજરાત આજે સેક્ટર સ્પેસિફિક યુનિવર્સિટીઓનું હબ બન્યું છે. રાજ્યની સરકારી શાળાઓ પણ આજે સ્માર્ટ અને ડિજિટલ બની છે. બે દાયકા પહેલા બ્લેકબોર્ડ પર ભણનારા વિદ્યાર્થીઓ આજે ટેક્નોલોજીની મદદથી સ્માર્ટ બોર્ડ સાથે ઇન્ટરેક્ટિવ સ્માર્ટ ક્લાસીસનો ઉપયોગ કરી રહ્યા છે. શિક્ષણ ક્ષેત્રની આ સિદ્ધિઓ ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના સક્ષમ નેતૃત્વને આભારી છે.

★પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીની પહેલ અને યોજનાઓ★

શ્રી નરેન્દ્ર મોદીએ હંમેશાં શિક્ષણના મહત્વ પર ભાર મૂક્યો છે. તેઓએ જ્યારે ૨૩ વર્ષ પહેલા ગુજરાતની સત્તાનું સુકાન સંભાળ્યું ત્યારે શિક્ષણની પરિસ્થિતિ ઘણી કથળેલી હતી. પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે સુધાર લાવવા અને વધુ ને વધુ વિદ્યાર્થીઓ શાળામાં પ્રવેશ મેળવે તેવા ઉદ્દેશથી શ્રી નરેન્દ્ર મોદીએ વર્ષ ૨૦૦૩માં શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી રથયાત્રા કાર્યક્રમનો પ્રારંભ કરાવ્યો. આ કાર્યક્રમના સકારાત્મક પરિણામો એ આવ્યા કે આજે રાજ્યના લાખો બાળકો શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ થકી શાળાઓમાં પ્રવેશ મેળવે છે. તાજેતરમાં જ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ રાજ્યમાં ૨૧મો શાળા પ્રવેશોત્સવ સફળતાપૂર્વક આયોજિત થયો, જે થકી લગભગ ૧૬ લાખ બાળકોએ પ્રાથમિક શિક્ષણમાં પ્રવેશ મેળવ્યો.

શાળા પ્રવેશોત્સવ ઉપરાંત, પ્રાથમિક શિક્ષણને વેગ આપવા માટે મોદીજીએ ગુણોત્સવ, મધ્યાહ્ન ભોજન યોજના, વિદ્યાદીપ યોજના વગેરે જેવી વિવિધ શૈક્ષણિક યોજનાઓ અમલમાં મૂકી. શિક્ષણ ક્ષેત્રે અમલી બનેલી વિવિધ પહેલો અને યોજનાઓને પરિણામે વર્ષ ૨૦૦૨માં રાજ્યમાં ધોરણ ૧ થી ૮ નો સ્કૂલ ડ્રોપઆઉટ રેટ ૩૭.૨૨ ટકા હતો, જેમાં આજે નોંધપાત્ર ઘટાડો થયો છે. જ્ઞાનકુંજ પ્રોજેક્ટ હેઠળ ગુજરાતની સરકારી પ્રાથમિક શાળાઓના વર્ગખંડોમાં ટેક્નોલોજીની મદદથી સ્માર્ટ બોર્ડ સાથે ઇન્ટરેક્ટિવ સ્માર્ટ ક્લાસ બનાવવામાં આવ્યા છે.

★ગુજરાતમાં ઉચ્ચ અને ટેક્નિકલ શિક્ષણ★

૨૩ વર્ષ પહેલા ગુજરાતના વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ મેળવવા માટે દેશના અન્ય રાજ્યો કે પછી વિદેશો તરફ નજર નાખવી પડતી હતી. તત્કાલીન મુખ્યમંત્રીશ્રીએ આ સમસ્યાનો ઉકેલ લાવવા માટે રાજ્યમાં ઉચ્ચ અને ટેક્નિકલ શિક્ષણ આપતી સંસ્થાઓ સ્થાપિત કરવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું. છેલ્લા ૨૩ વર્ષોમાં રાજ્યમાં કોલેજો, યુનિવર્સિટીઓ તેમજ ટેક્નિકલ શિક્ષણ આપતી સંસ્થાઓની સંખ્યામાં સતત વધારો થયો છે. ૨૩ વર્ષ પહેલા રાજ્યમાં ૨૧ યુનિવર્સિટીઓ કાર્યરત હતી, જ્યારે હાલમાં ૧૦૮ યુનિવર્સિટીઓ કાર્યરત છે. રાજ્યમાં મેડિકલ કોલેજોની સંખ્યા પણ ૨૩ વર્ષ પહેલા ૧૦થી વધીને આજે ૪૦ થઈ છે. આ ઉપરાંત, સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ અને ઈનોવેશન પોલિસી દ્વારા, ગુજરાત યુવા પ્રતિભાઓના ઈનોવેશનને નાણાકીય સહાય પૂરી પાડવામાં આવી રહી છે, જેના થકી રાજ્યના યુવાનોને સ્ટાર્ટઅપ્સ માટે પ્રોત્સાહન મળ્યું છે. ભારત સરકારના સ્ટાર્ટઅપ રેન્કિંગ મુજબ છેલ્લા ચાર વર્ષોથી સતત દેશમાં સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કરનાર રાજ્ય તરીકે ગુજરાત પ્રથમ ક્રમે છે.

ગુજરાત આજે સેક્ટર સ્પેસિફિક યુનિવર્સિટીઓનું હબ બન્યું છે. રાજ્યમાં આજે ચિલ્ડ્રન યુનિવર્સિટી, રક્ષાશક્તિ યુનિવર્સિટી, ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી, બાયોટેક્નોલોજી યુનિવર્સિટી, રેલવે યુનિવર્સિટી (વડોદરા), ગુજરાત મેરિટાઇમ યુનિવર્સિટી, ગુજરાત ટેક્નોલોજીકલ યુનિવર્સિટી (જીટીયુ), ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટીચર એજ્યુકેશન (ઈ), ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટી, વગેરે રાજ્યના વિદ્યાર્થીઓને ઘરઆંગણે જ ઉચ્ચ અને ટેક્નિકલ શિક્ષણની તકો પૂરી પાડી રહી છે.

ઉચ્ચ શિક્ષણ માટે વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપવા માટે ગુજરાતમાં મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના, શોધ યોજના, મુખ્યમંત્રી કન્યા કેળવણી નિધિ યોજના વગેરે કાર્યરત છે.

★વિદ્યા સમીક્ષા કેન્દ્ર★

રાજ્યની બધી સરકારી શાળાઓના પરફોર્મન્સ પર નજર રાખવા માટે દેશનું સર્વપ્રથમ એજ્યુકેશનલ કમાંડ એન્ડ કંટ્રોલ સેન્ટર 'વિદ્યા સમીક્ષા કેન્દ્ર' ગુજરાતમાં શરૂ કરવામાં આવ્યું છે. વિદ્યા સમીક્ષા કેન્દ્ર એ ભારતનું પ્રથમ રીયલ-ટાઇમ, ઓનલાઈન, સર્વગ્રાહી શાળા શિક્ષણ ડેશબોર્ડ છે. વિદ્યા સમીક્ષા કેન્દ્રને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ, મશીન લર્નિંગ, બિગ ડેટા એનાલિસિસ વગેરે જેવી આધુનિક સુવિધાઓથી સજ્જ કરવામાં આવ્યું છે. રાજ્ય, જિલ્લા, તાલુકા, ક્લસ્ટર, શાળા, ગ્રેડ, વિષય, તેમજ વિદ્યાર્થી સ્તર સંબંધિત વિશ્લેષણ અને ઇનસાઇટ્સ વિદ્યા સમીક્ષા કેન્દ્રમાં કરવામાં આવે છે. વિદ્યા સમીક્ષા કેન્દ્ર ધોરણ ૩ થી ૧૨ સુધીના તમામ વિષયોના તમામ લર્નિંગ આઉટકમ્સમાં સિદ્ધિઓનું વિવિધ રાજ્યવાર વિશ્લેષણ આપે છે. વર્લ્ડ બેંક, 'ઈઝ્ઢ, બ્રિટીશ ડેપ્યુટી હાઇ કમિશ્નર, યુનિસેફ અને કેમ્બ્રિજ જેવી આંતરરાષ્ટ્રીય સંસ્થાઓના પ્રતિનિધિમંડળોએ પણ વિદ્યા સમીક્ષા કેન્દ્રની મુલાકાત લીધી છે, અને તેની પ્રશંસા પણ કરી છે. શિક્ષણ ક્ષેત્રે આ આધુનિક કેન્દ્ર સમગ્ર દેશમાં મોટા પરિવર્તનો લાવી શકે છે.

# ગાંધીનગર જિલ્લાની ૬૭ શાળા અને ૩૧ આંગણવાડીમાંથી મચ્છરોના લીધે ડેન્ગ્યુનો ભય

ગાંધીનગર,

વારંવાર વરસાદી ઝાપટાં અને ત્યાર બાદ ઉનાળા જેવો તડકો પડવાને કારણે મચ્છરોનો ઉપદ્રવ ફરી વધ્યો છે ત્યારે આગામી દિવસોમાં મેલેરિયા, ડેન્ગ્યુ તથા ચિકનગુનિયા જેવા મચ્છરજન્ય બિમારીના દર્દીઓ વધવાની પુરેપુરી શક્યતા છે જેના પગલે ઉચ્ચકક્ષાએથી મળેલી સુચનાને ધ્યાને રાખીને ગાંધીનગર જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા સર્વેલન્સની ડ્રાઇવ ચલાવી છે. ત્રણ દિવસમાં ૮૨૪ ટીમો દ્વારા કુલ ૧.૪૦ લાખ ઘરોનો સર્વે કરાયો છે. જે પૈકી ત્રણ હજાર ઘરો તથા સંસ્થામાં પોરા મળી આવ્યા છે. વાહકજન્ય રોગ નિયંત્રણ કાર્યક્રમ અંતર્ગત ગાંધીનગર જિલ્લાના તમામ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સામુહિક આરોગ્ય કેન્દ્રોના વિસ્તારમાં સઘન સર્વેલન્સ આગામી તા.૧૫મી ઓક્ટોબર સુધી ડ્રાઇવ સ્વરૂપે કરવાનું છે.જેના ભાગરૂપે અત્યાર સુધીમાં ૮૨૪ ટીમો દ્વારા કુલ ૨.૩૪ લાખ ઘરો પૈકી આ ત્રણ દિવસમાં કુલ ૧.૪૦ લાખ ઘરો અને કુલ પાત્રો ૩.૪૯ લાખ તપાસવામાં આવ્યા છે. તે પૈકી સર્વેલન્સની ટીમોને ૨,૭૦૯ ઘરો અને ૩,૦૦૩ પાત્રોમાં મચ્છરોના પોરા મળી આવ્યા હતા, જે પાત્રોનો સ્થળ ઉપર જ નાશ કરવામાં આવ્યો હતો. આ ડ્રાઇવ દરમ્યાન ૯ હોસ્પિટલ, આરોગ્ય કેન્દ્રો, ૬૭ શૈક્ષણિક સંસ્થાઓ, ૩૧ આંગણવાડી, ૧૦ પંચાયતઘર, ૮ ડેરી, બેંક-પોસ્ટઓફિસ સહિતની સાત જગ્યાઓએ પોરા મળી આવ્યા હતા જેનો નાશ કરીને સંબંધિતોને મચ્છરો ઉત્પન્ન ન થાય તે માટે પાણી ન ભરાઇ રહે તેની કાળજી લેવા માટે માર્ગદર્શન-શિક્ષણ આપવામાં આવ્યું હતું. આ ઉપરાંત ૯૫ દુકાન-કોમર્શિયલ સાઇટ, ૪૩ ટાયર પંક્ચરની દુકાન, ૨૧ ભંગારની દુકાન, ૩૮ ઠંડા પીણાના પર્લર, સહિતની જગ્યાએ મચ્છરોના પોરા મળી આવ્યા હતા.

# મોદીના વખાણ કરતાં ટ્રમ્પે માર્યુ યુ-ટર્ન, કહ્યું - હું સત્તામાં આવીશ તો ભારત સામે વળતા ટેરિફ લાદીશ

અમેરિકાના ભૂતપૂર્વ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે આજે દાવો કર્યો હતો કે જો હું સત્તાસ્થાને ચૂંટાઇ આવીશ તો અમેરિકાના માલ પર ટેરિફ લાદનાર દેશો સામે હું વળતાં ટેરિફ લાદી બતાવીશ. વિદેશી ચીજવસ્તુઓ પર ભારત સૌથી વધું ટેરિફ લાદે છે પણ તે હસતું મોં રાખી આ કામ કરે છે. ટ્રમ્પે ડેટ્રોઇટમાં જણાવ્યું હતું કે આપણે કોઇ ટેરિફ ચાર્જ કરતાં નથી,પણ ચીન ૨૦૦ ટકા ટેરિફ ચાર્જ કરે છે. બ્રાઝિલ પણ ટેરિફ ચાર્જ કરે છે પણ આ બધામાં સૌથી વધારે ટેરિફ ભારત ચાર્જ કરે છે. જો કે, ટ્રમ્પે તેમના દોસ્ત મોદીના બે મોઢે વખાણ કરી ભારતની ટીકાને હળવી કરી હતી.ટ્રમ્પે જણાવ્યું હતું કે હું અમેરિકાને ફરી સમૃદ્ધ કરવા માટે વળતાં ટેરિફ લાદવા માંગું છું. એવું કરવા માંગું છું કે જે તે દેશ સામે એટલા જ પ્રમાણમાં ટેરિફ લાદવામાં આવે. વળતાં ટેરિફ લાદવાનું પગલું મારી યોજનામાં મહત્વનું છે કેમ કે આપણે સામાન્ય રીતે કોઇ ટેરિફ ચાર્જ કરતાં નથી.



ટ્રમ્પે આર્થિક નીતિઓ વિશેના તેમના પ્રવચનમાં જણાવ્યું હતું કે ભારત સોથી મોટું ટેરિફ ચાર્જર છે.

### નાના બાળકોના માતા પિતા માટે ફરી એકવાર ચેતવણી રૂપ કિસ્સો

# શ્વાસનળીમાં ધારદાર પીન ફસાતાં માતાપિતાનો જીવ તાળવે ચોંટયો





### સિવિલ હોસ્પિટલ નાં પીડીયાટ્રીક સર્જરી વિભાગ અને એનેસ્થેસિયા વિભાગનાં ડૉક્ટરોની નિપુણતાનાં લીધે બાળકનો જીવ બચ્યો

### વારંવાર હોસ્પિટલમાં આવતા કિસ્સાઓ ઉપર થી માતાપિતા એ શિખ લેવાની જરૂર -ડૉ. રાકેશ જોષી

અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં માતા-પિતાને ચોકાવનારો કિસ્સો ફરી વખત સામે આવ્યો છે.વ્યવસાયે ડ્રાઈવર એવા ઠાસરાના દિલીપભાઈ શર્મા અને શર્મિષ્ઠાબેનના ૧૨ વર્ષના પુત્ર કૌશલ ને ૪ ઓક્ટોબર ૨૦૨૪ ના રોજ જમતી વખતે ખાવાની થાળીમાં સેફ્ટી પીન પડતાં ભૂલથી જમવાના કોળિયાની સાથે સેફ્ટી પીન ગળામાં થઈ શ્વાસ નળીમા પહોંચી . જેથી ઉલટી અને ગળામાં દુખાવાની શરૂઆત થઈ હતી. ઠાસરા માં એક ખાનગી ક્લિનિકમાં કૌશલને લઈ જઈ એક્સ રે કરાવતા શ્વાસનળીમાં જમણી બાજુએ સેફ્ટી પીન હોવાનું નિદાન થયું હતું. દર્દીને વધુ સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ અમદાવાદ રીફર કરવામાં આવ્યા.

દર્દીને કલિનીકલી સ્ટેબલ કર્યા બાદ પીડીયાટ્રીક સર્જરી વિભાગના વડા અને તબીબી અધિક્ષક ડૉ.રાકેશ જોશી તેમજ એનેસ્થેસિયા વિભાગના પ્રોફેસર ડૉક્ટર રમીલા તેમજ એસોસિયેટ પ્રોફેસર ડૉક્ટર કિરણની ટીમ દ્વારા તારીખ ૧૦.૨૦.૨૪ નાં રોજ જટિલ એનેસ્થેસીયા સાથે બ્રોન્કોસ્કોપી કરી સફળતાપૂર્વક સેફ્ટી પીનને કૌશલ ની જમણી શ્વાસનળીમાંથી બહાર કાઢવામાં આવી હતી.

ડો. રાકેશ જોષી એ જણાવ્યું હતું કે , ૧૨ વર્ષના કૌશલની જમણી શ્વાસનળીમાંથી ઓપરેશન કરી કાઢવામાં આવેલ પીન અત્યંત તિક્ષ્ણ હતી.જેથી ઓપરેશન દરમ્યાન ખૂબ જ સાવચેતી રાખવામાં આવી હતી.જેથી કરીને બાળકનાં શ્વાસનળીના નાજુક ભાગને નુકસાન ન થાય. ઓપરેશન પછી કોઈપણ બીજી તકલીફ ન રહેતા સ્વસ્થ જણાતા બાળક ને રજા આપવામાં આવી.

વારંવાર હોસ્પિટલમાં આવતા આ પ્રકારના કિસ્સાઓ ઉપર થી માતાપિતા એ શિખ લેવાની અને ચેતવાની જરૂર છે તેમ ડૉ. જોષીએ અપીલ કરી છે.

# સિધ્ધપુરમાં રામદેવપીરના નવીન મંદિરનું ખાત મુહૂર્ત કરાયું

સિધ્ધપુર સમસ્ત વાલ્મિકિ સમાજ દ્વારા વાલ્મિકી વાસમાં બાબા રામદેવપીર મહારાજના નવીન મંદિરનું ખાતમુહૂર્ત દશેરાના શુભ અને પવિત્ર દિવસે કેબિનેટ મંત્રી બલવંતસિંહ રાજપૂતના હસ્તે કરવામાં આવ્યું. તેઓએ આજના પવિત્ર દિવસે આ શુભ કાર્ય હાથ ધરવા બદલ સમસ્ત વાલ્મિકી સમાજના આગેવાનનોને અભિનંદન પાઠવ્યા હતા

આ પ્રસંગે નગરપાલિકા પ્રમુખ અનિતાબેન પટેલ, એપીએમસી ચેરમેન વિષ્ણુભાઈ પટેલ, તાલુકા ભાજપ પ્રમુખ વિક્રમસિંહ ઠાકોર, શહેર ભાજપ પ્રમુખ જયેશભાઈ પંડ્યા, અંકુરભાઈ મારફતિયા, ભાવેશભાઈ રાજગુરુ, જે.ડી.પટેલ ,મનીષભાઈ



આચાર્ય, ભરતભાઈ મોદી,કૌશલ જોષી, શૈલેષભાઈ પંચોલી, રીધમ હસ્તીર, હરેશભાઈ , ગોવાભાઈ શેઠ વિગેરેનું આયોજકો કનુભાઇ સોલંકી , જયંતીભાઇ વાઘેલા, કમલેશભાઇ પુરબીયા, કનુભાઈ ચાવડા, જીતેન્દ્રભાઈ રાઠોડ, નટવરભાઈ વાઘેલા, અનિલભાઈ સોલંકી વિગેરેએ સન્માન કર્યુ હતું આ પ્રસંગે નગરપાલિકાના સદસ્યો, સંગઠનના હોદ્દેદારો, વાલ્મિકી સમાજના આગેવાનો સહિત ગામમાંથી મોટી સંખ્યામાં ભાવિક ભક્તો ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સુચારુ સંચાલન રાજેશ ચાવડાએ કર્યું હતું

# ફ્રીડમ સંસ્થા દ્વારા દિવ્યાંગ ગરબા મહોત્સવ ઉજવવામાં આવ્યો અને બાળકોમનમૂકીને ઝુમ્યાં

ન્યુ વે એજ્યુકેશનલ એન્ડ રૂરલ ડેવલોપમેન્ટ ટ્રસ્ટ સંચાલિત ફ્રીડમ ડે કેર સેન્ટર ધોળકા દ્વારા ગરબા મહોત્સવનું આયોજન તા - ૦૯/૧૦/૨૦૨૪ ને બુધવારનાં રોજ સાંજે ૪ થી ૭ સરદાર પટેલ કોમ્યુનિટી હોલ મીઠીકૂઈ ધોળકા મુકામે કરવામાં આવ્યું.જેમાં ધોળકા નગર પાલિકા પ્રમુખ શ્રી અશોકભાઈ મકવાણા, ધોળકા નગર પાલિકા ચીફ ઓફિસર શ્રી જતીનભાઇ મેહતા, ધોળકા નગર પાલિકા કાઉન્સિલર શ્રી સાકીરભાઈ મલેક, ધોળકા



નગર પાલિકા પૂર્વ પ્રમૂખ શ્રી હરીશભાઈ પરમાર, સંસ્થા પ્રમૂખ શ્રી ભાવિન પરમાર તથા સ્ટાફ દ્વારા બાળકો સાથે આરતી કરવામાં આવી હતી,ઉપસ્થિત મહેમાનોનું બાળકો તથા સ્ટાફે બૂકે આપી શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. દરેક બાળકો તથા વાલીએ તથા સ્ટાફે યોજાયેલ ગરબામાં ઉત્સાહપૂર્વક ભાગ લીધેલ માં ની આરાધના કરી અને ખૂબ આનંદ ઉલ્લાસ સાથે ગરબાના તાલે ઝૂમી રહ્યાં હતાં. ધોળકા નગર પાલિકા દ્વારા સરદાર પટેલ કોમ્યુનિટી હોલ વિનામુલ્યે આપવામાં આવ્યો હતો શ્રી જતીનભાઇ મેહતા તથા સાકીરભાઈ મલેક દ્વારા દરેક બાળકોને ગીફ્ટ આપવામાં આવી તથા જમણવાર મેહુલભાઈ વૈષ્ણવ તરફથી આપવામાં આવ્યો હતો.

કાર્યક્રમના અંતે પ્રમુખ શ્રી ભાવિન પરમાર દ્વારા ઉપસ્થિત મહેમાન શ્રીનો આભાર વ્યકત કરવામાં આવ્યો હતો.

# એબીવીપી થરાદ ટિમ દ્વારા દેવ વિદ્યામંદિર થરાદ ખાતે ગરબાનું આયોજન કરવામાં આવ્યું




અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ થરાદ નગર ની ટિમ અને દેવ વિદ્યામંદિરના સંયુક્ત ઉપક્રમે થરાદ ખાતે આવેલ દેવ વિદ્યામંદિરમાં નવરાત્રી પર્વના ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં આ ત્રીજા દિવસે ગરબા હતા પહેલુ આયોજન ગર્લ હોસ્ટેલ થરાદ ખાતે તેમજ બીજું આયોજન એ.પી ત્રિવેદી કોલેજ ખોરડા ખાતે કરાયું હતું અને ત્રીજું આયોજન દેવ વિદ્યામંદિર થરાદ ખાતે ગતરોજ કરવામાં આવ્યું હતું જેમાં સારું પર્ફોર્મન્સ વાળા બે વિદ્યાર્થીઓ તેમજ એક સારા ખેલૈયાનું ટ્રોફી આપી એબીવીપી દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું તેમજ રાજેશ્વર કેમ્પસ ની ટીમમાં પણ સારું પર્ફોર્મન્સ બદલ ૧ થી ૩ નંબર આપી તેઓને સર્ટિફિકેટ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા અને કેમ્પસ મંત્રી ને પણ સાલ ઓઢાડી સન્માનિત કરવામાં આવ્યા હતા આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન દિનેશભાઈ પુરોહિત શિક્ષક (દુધવા વાળા) તેમજ હેતલબેન પંચાલ હતા શાળા પરિવાર ના આચાર્ય સહિત તમામ સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતા અને એબીવીપી ટીમને ભાગવત ગીતાની બુક આપી શાળા દ્વારા સન્માનિત કરવામાં આવી હતી આ કાર્યક્રમમાં એબીવીપીના ભાગ સંયોજક રાજેશભાઈ જોષી (નાનોલ) નગરમંત્રી વિશાલપુરી ગૌસ્વામી,નગર સહમંત્રી જગદીશભાઈ જોષી, કોષાઅધ્યક્ષ અરવિંદભાઈ પુરોહિત, કાર્યક્રમ ઇન્ચાર્જ ભવાનસિંહ સોઢા તેમજ રાજેશ્વર કેમ્પસના અધ્યક્ષ કિરણભાઈ દેસાઈ, મંત્રી સોવનબેન બોડાણા તેમજ ઉપાધ્યક્ષ પિયુષભાઈ સોલંકી,મહાવીરભાઈ ભાટી સહિત કેમ્પસ ટિમ તેમજ નગરટિમના અન્ય કાર્યકર્તા પણ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને બધા મન મૂકી ગરબે રમ્યા હતા.

# મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે વિજયાદશમીના પાવન પર્વે શસ્ત્ર પૂજન કરીને શસ્ત્ર અને શાસ્ત્ર રક્ષાનું મહાત્મ્ય ઉજાગર કર્યું હતું

આસુરી શક્તિ પર દૈવી શક્તિના વિજયના પ્રતિક સમાન દશેરા વિજયા દશમી તહેવારે શસ્ત્રપૂજનની ભારતીય સંસ્કૃતિ માં સદીઓથી પરંપરા રહેલી છે.મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્ર પટેલે આ પરંપરા અનુસાર મુખ્યમંત્રી નિવાસના પ્રાંગણમાં પોતાના સુરક્ષા-સલામતી રક્ષકોના શસ્ત્રોનું પૂજન શાસ્ત્રોક્ત વિધિ થી કર્યું હતું.તેમણે સુરક્ષા કર્મીઓને વિજયાદશમી પર્વની શુભકામનાઓ પણ પાઠવી હતી.

મુખ્યમંત્રીશ્રીએ સુરક્ષા કર્મીઓને પ્રેરણા આપતા ફરજ, કર્તવ્યભાવના સાથે કર્મબંધન જોડાયેલું છે તેની વિસ્તૃત સમજ આપી હતી.

તેમણે કહ્યું કે રક્ષા-સુરક્ષાનું દાયિત્વ નિભાવવા સાથો સાથ સંવેદના,કરુણા અને સતક્રમો થકી મોક્ષ પ્રાપ્તિનો વિચાર પણ રાખીને કર્તવ્યરત રહીએ તે જ સાચો કર્મયોગ અને ફરજનિષ્ઠા ભાવના છે.મુખ્યમંત્રી સુરક્ષા વ્યવસ્થા સંભાળતા સુરક્ષા કર્મીઓના વડા પોલીસ અધિક્ષક શ્રી ચિંતન તેરૈયા એ મુખ્યમંત્રીશ્રી ને શસ્ત્ર પૂજન અવસરે આવકાર્યા હતા.મુખ્યમંત્રી સુરક્ષા-સલામતી વ્યવસ્થાના નાયબ પોલીસ અધિક્ષકશ્રીઓ, પોલીસ ઈન્સ્પેક્ટરશ્રીઓ, તેમજ



પી.એસ.આઇ. અને કમાન્ડોઝ તેમજ વાહન ચાલકો વગેરે આ શસ્ત્ર પૂજનમાં જોડાયા હતા.

મુખ્યમંત્રીશ્રી નિવાસસ્થાને વિજયાદશમી પર્વે શસ્ત્રાપૂજનની આ પ્રણાલી વર્તમાન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતમાં મુખ્યમંત્રી તરીકેના તેમના કાર્યકાળમાં શરૂ કરાવેલી છે.

### નવમા નોરતે કેસરિયા ગરબામાં ખેલૈયાઓએ ગરબાની રમઝટ બોલાવી

# રંગબેરંગી પરંપરાગત પરિધાન અને અવનવા સ્ટેપ્સ સાથે ખેલૈયાઓ ઝૂમી ઉઠ્યા

મહામહિમ રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી, પૂર્વ મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી, પૂર્વ નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલ, પ્રદેશ ભાજપ મહામંત્રીશ્રી રજનીભાઈ પટેલ, પૂર્વ મંત્રીશ્રી આઈ. કે. જાડેજા, ધારાસભ્યશ્રી ડો. સી. જે. ચાવડા, પ્રદેશ અગ્રણીશ્રી દુષ્યંત પંડ્યા સહિત




અગ્રણીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.આર્ટ ઓફ લિવિંગ દ્વારા કેસરિયા ગરબામાં ઉત્તર ગુજરાતના શ્રેષ્ઠ ગરબા પંડાલ માટે સહાય ફાઉન્ડેશનને ?૧,૦૦,૦૦૦ નો પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો છે.કેસરિયા ગરબામાં ફિલિપાઈન્સના પૂર્વ સેનેટર નિક્કી કોસેટેંગ નવમા નોરતે કેસરિયા ગરબાના આંગણે પધાર્યા હતા અને ગરબે ઘૂમ્યા હતાં.

આ ઉપરાંત ગુજરાતી ફિલ્મ ભલે પધાર્યાની સ્ટાર કાસ્ટ કેસરિયા ગરબાના આંગણે પધારી હતી જેને કેસરિયા ગરબા ખાતે પધારેલ મુલાકાતીઓએ બહોળો પ્રતિસાદ મળ્યો હતો.




**આજ રોજ સુરત ખાતે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના મુખ્યમંત્રી થી પ્રધાનમંત્રી સુધીના પ્રજાપ્રિય સુશાસનના ૨૩ વર્ષની પરિપૂર્ણતા પ્રસંગે વિવિધ વિકાસલક્ષી પ્રકલ્પોના ખાતમુહુર્ત કાર્યક્રમમા કેન્દ્રીય જળ શક્તિ મંત્રીશ્રી તેમજ ભાજપા ગુજરાત પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજી ઉપસ્થિત રહ્યા હતા.આ કાર્યક્રમમાં રાજ્યના ગૃહમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી,રાજ્ય સરકારના મંત્રીશ્રીઓ શ્રી કનુભાઈ દેસાઈ, શ્રી મુકેશભાઈ પટેલ,ધારસભ્યશ્રીઓ શ્રી સંગીતાબેન પાટીલ,શ્રી સંદીપભાઈ દેસાઈ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી રાજનભાઈ પટેલ, સ્ટેન્ડિંગ કમિટીના પૂર્વ ચેરમેન શ્રી પરેશભાઈ પટેલ તેમજ પદાધિકારીશ્રીઓ સહિત કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.**

# ભુજનાં પખવાડિયામાં ત્રણ સહિત બળાત્કારની ૧૦ ઘટનાઓ સામે આવી

મિરઝાપર ભુજ અને તાજેતરની આડેસર ગામની સગીર દલિત યુવતી પર બળાત્કારની ઘટનાને પગલે ફીટકાર વરસી રહ્યો છે. કચ્છમાં પંદર દિવસમાં સતત ત્રીજી ઘટના અને ગુજરાતમાં દશ જેટલી બળાત્કારની ઘટનાઓ છતા સરકાર ચૂપ હોવાનો આક્ષેપ કચ્છ કોંગ્રેસે કર્યો છે. કચ્છનું પોલીસતંત્ર આવી ઘટનાઓમાંથી ક્યારે પણ બોધપાઠ લેતું નથી તેવા આક્ષેપ સાથે કચ્છ કોંગ્રેસે આજરોજ પત્રકાર પરિષદ બોલાવી હતી. પોલીસ કાર્યવાહી- તપાસ અને ધરપકડમાં વિલંબ કરી આરોપીઓ નરાધમોને પૂરતો સમય આપી રહેલ છે તપાસમાં ત્રુટીઓ રાખીને તમામ આરોપીઓ નિર્દોષ છુટી જાય છે તેનું નલિયા સામૂહિક બળાત્કાર કાંડ શ્રેષ્ઠ ઉદાહરણ છે તેમ ગુજરાત પ્રદેશ યુવા કોંગ્રેસના મહામંત્રી અંજલિ ગોરે જણાવ્યું હતું. વર્ષ ૨૦૨૧ થી ત્રણ વર્ષના ભાજપના રાજમાં ત્રણ વર્ષમાં ૬,૫૨૪ બળાત્કારની અને ૩,૫૨૭ છેડતીની ઘટનાઓ છતાં ગુજરાતમાં એકે આરોપી કે નરાધમોને ફાંસી કેમ નહીં કુલ પોલીસ ચોપડે ગુજરાતમાં ૧૨૪૪૬ કેસ નોંધાયેલા છે છતાં હજારો કેસોમાં તપાસ થઈ નથી. એકમાં પણ નોંધપાત્ર સજા થઈ નથી. આડેસરની ઘટના અંગે પૂર્વ કચ્છ પોલીસે તોછડાઈભર્યુ વર્તન કર્યાનો આક્ષેપ કર્યો હતો. સગીર દલિત યુવતીની બળાત્કારની ઘટનાને ગંભીર ગણાવી નહોતી મેડિકલ ચેકઅપ માટે પણ ત્રણ દિવસ બાદ લાવવામાં પોલીસની પણ ભૂમિકા શંકાનાં દાયરા માં આવે છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.